**વિષયઃ- ગુજરાતી** **ધોરણઃ-૬** **દ્વિતીય સત્ર**

## એકમઃ-૧૬ માતૃહૃદય

(૧) સવાર થતાં માલધારીઓ શું કરતા ?

(અ) મંદિરે જતા (બ) ઢોરને ગીરમાં લઇ જતા (ક) નાસ્તો કરતા (ડ) ભજનો ગાતા

(૨) બાલક પોતાની સાથે નથી અવી માતાને કયારે ખબર પડી ?

(અ) ડણક સાંભળી (બ) બાળકના રડવાથી (ક) બૂમ સાંભળવાથી (ડ) કૂતરા ભસવાથી

(૩) માલધારી સ્ત્રીના બાળકે કોને પોતાનો દોસ્ત બનાવ્યો ?

(અ) ગલૂડિયાને (બ) મદનીયાને (ક) ખોલકાને (ડ) સિંહબાળને

(૪) બાળકને મન અદભૂત રમકડું કયું હતું ?

(અ) ઢોલ (બ) ઘૂઘરો (ક) સિંહબાળ (ડ) રેલગાડી

(૫) માનવબાળની ગંધ કોને આવી ?

(અ) સિંહણને (બ) વાઘને (ક) દીપડાને (ડ) ચિત્તાને

(૬) તેમનાં..........જુદાં જુદાં હતાં ?

(અ) મન (બ) ખોળીયાં (ક) અંગો (ડ) કપડાં

(૭) મારણ-શબ્દનો અર્થ જણાવો.

(અ) મારવું (બ) શિકાર (ક) માંસ (ડ) દુશ્મન

(૮) બાળકની ઉંમર આશરે કેટલી હતી ?

(અ) પાંચ વર્ષની (બ) ચાર વર્ષની (ક) ત્રણ વર્ષની (ડ) છ વર્ષની

(૯) માતૃ હૃદય-પાઠના લેખક કોણ છે ?

(અ) દર્શના (બ)મેઘાણી (ક) કનૈયાલાલ (ડ) ગિરધર

(૧૦) માલધારી શું પાળતા નથી ?

(અ) ગાય (બ) ભેંસ (ક) હાથી (ડ) બકરી

(૧૧) ગીર પ્રદેશમાં કઇ કોમ નેસડાં બાંધીને રહે છે ?

(અ) બ્રાહ્મણ (બ) માલધારી (ક) કોળી પટેલ (ડ) રાજપૂત

(૧૨) ગિરનાર કોની જેમ બેઠો છે ?

(અ) અવધૂત (બ) સવધૂત (ક) પહાડ (ડ) વૈરાગી

(૧૩) સિંહણ બાળકથી કેટલી દૂર હતી ?

(અ) સાત ફૂટ (બ) આઠ ફૂટ (ક) પાંચ ફૂટ (ડ) નવ ફૂટ

(૧૪) ગિર પ્રદેશ કોને કહેવાય ?

(અ) કચ્છને (બ) પશ્ચિમી જંગલોને (ક) ચરોતરને (ડ) સૌરાષ્ટ્રને

(૧૫) ગિરપ્રદેશમાં અત્યારે માલધારી કોમના કેટલા નેસડા છે ?

(અ) ૫૯ (બ) ૭૯ (ક) ૧૨૯ (ડ) ૧૩૫

(૧૬) આધેડ ઉંમરની એક બાઇ સાંજે શું વીણવા નીકળી ?

(અ) છાણ (બ) ઘાસ (ક) લાકડાં (ડ) કરગઠિયાં

(૧૭) બંને માતાઓ પોતાના ..........લઇને ચાલી ગઇ.

(અ) પતિને (બ) ભાઇને (ક) શિશુને (ડ) ઢોરને

(૧૮) લાકડાના નાના નાના ટુકડાં-એક શબ્દ આપો.

(અ) કરગઠિયાં (બ) મટગઠિયાં (ક) નવગઠિયા (ડ) હસ્તગઠિયા

(૧૯) માલધારી બાળકે કોને પડતું મૂક્યું ?

(અ) મૃગશિશુને (બ) વ્યાઘ્રશિશુને (ક) સિંહશિશુને (ડ) વાનરશિશુને

(૨૦) ભરવાડોએ જંગલમાં બાંધેલા ઝૂપડાનું એક ગામ-એક શબ્દ આપો.

(અ) રસડો (બ) નેસડો (ક) વેસડો (ડ) રાફડો

(૨૧) ખોળીયું-શબ્દનો શો અર્થ થાય ?

(અ) મન (બ) પૂરા (ક) શરીર (ડ) કવર

(૨૨) અડધી ઉંમરે પહોંચેલું -એક શબ્દ આપો.

(અ) યુવાન (બ) વૃદ્ધ (ક) વૃદ્ધા (ડ) આધેડ

(૨૩) ઢોર ઉછેર કરતી જાતીનો માણસ-એક શબ્દ આપો.

(અ) માલધારી (બ) વાહનધારી (ક) ઢોરધારી (ડ) ગોવાળ

(૨૪) કયા શબ્દની જોડણી ખોટી છે ?

(અ) સિંહશિશુ (બ) પરોઢિયું (ક) શરીર (ડ) ઊંડું

(૨૫) માલધારી સ્ત્રીએ કોને બૂમ પાડી ?

(અ) તેના પતિને (બ) તેની બહેનને (ક) બીજાના બાળકને (ડ) પોતાના બાળકને